આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આવશે દોડીને મળવા તને નદીઓ સામેથી... છે શરત એટલી, પહેલાં તું સમંદર થઇ જા...
- નાઝ માંગરોલી

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૪૯ | ૨૦ નવેમ્બર, ૨૦૧૩, બુધવાર; કારતક વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જૂના સેક્ટરોમાં ૧૪ કરોડના ખર્ચે માર્ગોનું નવીનીકરણ

## સે. ૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોનું કામ ટૂંકમાં શરૂ થશે ૧૪ કરોડનો ખર્ચ કરાશે : સે. ૬ થી ૧૪નું બાકી કામ પૂર્ણ થશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં આવતી સેલિબ્રીટી સહિત અન્ય સહેલાણીઓ પણ શહેરના રોડનેટવર્કથી પ્રભાવિત થતા હોવાનું વખતોવખત પ્રકાશમાં આવે છે. ચકાચક લાગતા શહેરના મુખ્ય માર્ગોની જાળવણી તેમજ સમયાંતરે હાથ ધરાતી સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. સામાન્ય રીતે દર ત્રણ-ચાર વર્ષના સમયગાળામાં શહેરી રસ્તાઓનું નવીનીકરણ હાથ ધરવામાં આવે છે. પરંતુ સેક્ટરોના આંતરિક માર્ગોની હાલત લાંબા સમયથી અન્ય શહેરોની જેમ કફોડી બનતા માર્ગ સુધારણાનું કામ હાથ ધરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. ચકાચક રોડ નેટવર્કથી ટેવાયેલા વી.આઈ.પી. મહાનુભાવોનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે. ત્યારે આમ નાગરિકોને પાયાની સુવિધાઓ પુરી પાડવામાં ક્યાંક વિલંબ થતા આક્રોશ પ્રવર્તે છે. શહેરના જૂના સેક્ટરોમાં ઉબડ-ખાબડ બનેલા રસ્તાઓના મામલે પણ કાંઈક આવી જ સ્થિતિ સર્જાઈ હતી. કંગાળ માર્ગો ગત ચોમાસામાં ધોવાણ બાદ તદ્દન બદતર બની ગયા છે. આખરે જૂના સેક્ટરોના રસ્તાઓને ટનાનટ બનાવવા રૂ. ૧૪ કરોડના ખર્ચે ટુંકમાં કામ હાથ ધરવામાં આવતા નાગરિકોની હાલાકીનો અંત આવશે.

શહેરના જૂના સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનું કામ હવે શરૂ કરાશે. સે-૨૦થી ૩૦ના

● અનુસંધાન પાના ૭ પર

## ઠંડી આરંભાતા શહેરમાં પાણીના સપ્લાયમાં ૬ એમ.એલ.ડી.નો ઘટાડો

### વપરાશ ઘટતા પર ના બદલે ૪૬ એમ.એલ.ડી. પાણી અપાય છે

ગાંધીનગરત તા. ૧૯

શહેરમાંશિયાળાનાપ્રારંભેગુલાબી ઠંડીશરૂતતાજનજીવનધીમેધીમેસરદીની ઋતુથીપ્રભાવિત થતુજોવા મળેછે. ઠંડીની શરૂઆત સાથેજ શહેરમાંપાણીનોરોજીંદો વપરાશ ઘટ્યો છે. જેની સામે તંત્રએપણ ૬ એમ.એલ.ડી. જેટલો સપ્લાય ઘટાડી દીધો છે. હાલ સમગ્ર શહેરમાં ૪૬ એમ.એલ.ડી. પાણી સપ્લાય કરવામાં આવે છે.

કડકડતી ઠંડીની ઋતુમાં શહેરમાં પાણીની વપરાશ સહજ રીતે જ ઘટી જાય છે. ઉનાળા દરમિયાન શહેરના જૂના અને નવા સેક્ટરોમાં ૫૫ એમ.એલ.ડી. પાણી સપ્લાય થતુ હોવા છતા શેરીઓમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. પાણીનો કકળાટ ક્યારેક બેડાયુદ્ધ સ્વરૂપે ઉમટી આવે છે. ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધવાની સાથે બગાડનુંપ્રમાણ વધવા પાણીની સમસ્યા જટીલ બને છે. જો કે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાવ્યા બાદ શહેરમાં પાણીનો પ્રશ્ન હળવો થયો છે. આમ છતા ગરમીના દિવસોમાં મહત્તમ સપ્લાયના અંતે પણ પાણીની બૂમ તંત્ર માટે શિરદર્દ સમાન બને છે. બીજીતરફ શિયાળામાં પાણીનો વપરાશ ઘટતા તંત્ર દ્વારા સપ્લાય ઘટાડી દેવામાં આવે છે. હાલ ગુલાબી ઠંડીની શરૂઆત થતા શિયાળાના દિવસોમાં પાણીના સપ્લાયમાં કાપ મુકી દેવાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધી રોજ ૫૨ એમ.એલ.ડી. પાણી સપ્લાય કરવામાં આવ્યું હતું. જ્યારે ઠંડી શરૂ થતા હવે ૬ એમ.એલ.ડી. સપ્લાય ઘટાડી દેવાયો છે. હાલ રોજ ૪૬ એમ.એલ.ડી. પાણીનું વિતરણ કરવામાં આવે છે.



**અતિ લોભ દુઃખનું મૂળ છે...** ગુજરાતી કહેવત એક યથાર્થ છે. મનુષ્યની જેમ જ પક્ષુ-પક્ષી અને પ્રાણીઓ પણ લોભ કરતા ફસાય છે અને શિકાર બની જાય છે. ઘી, દૂધ અને દહીં ચપોચપ ઝાપટી જવામાં ચકોર ગણાતી બિલ્લી માસી પણ દૂધ ચાટતાં ચાટતાં લોટામાં ફસાય છે. ડીસાના એક બંધ ઘરમાં ઘૂસેલી બિલાડીએ હવાતીયાં માર્યા બાદ દૂધ ભરેલો લોટો નજરે પડે અને ચપોચપ દૂધ પીધા પછી છેક ઊંડે તળીયું ચાટવા જતાં ચહેરેથી ફસાઈ જાય છે. સવારે પાંચ વાગ્યે લોટામાં ફસાયેલી બિલાડી ત્રણ કલાકના નિષ્ફળ પ્રયત્ન બાદ પણ લોટામાંથી છૂટકારો મેળવી શકી નહોતી. કેટલાક જીવદયાપ્રેમીઓએ કોથળા વડે પંજો દબાવી તેના મોઢામાંથી લોટો બહાર કાઢતા બિલ્લીમાસીએ હાશકારો અનુભવ્યો હતો. જીવ માત્ર માટે કહેવત ખૂબ જ સાચી છે. પાપનું મૂળ લોભ છે. દુઃખ માનસ માત્રના જીવનમાં લોભ લાલચના કારણે જ આવે છે તેવી રીતે કીડીથી લઈ હાથી સુધી તમામ જીવો આ ઉક્તિને યથાર્થ કરે છે. આ અલભ્ય તસવીર ડીસાના અમારા પ્રેસ ફોટોગ્રાફર કાંતિલાલ લોધાએ ખૂબ જ ચોકસાઈથી લીધી છે.

## કોંગ્રેસે ત્રણે લોકમાં ભ્રષ્ટાચાર કર્યા છે : મોદી

અમદાવાદ, તા.૧૯

ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રી પદના ઉમેદરવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનની જંગી ચૂંટણી જાહેરસભાઓમાં કોંગ્રેસના કુશાસન અને ભ્રષ્ટાચારે દેશને તબાહીના આરે લાવી મુક્યો છે તેમાંથી વિકાસનો માર્ગ અને સુરાજ્યની દિશામાં લઈ જવા ભારતીય જનતા પાર્ટીને સત્તા સુકાન સોંપવા આહવાન કર્યું હતું. રાજસ્થાનના ઝંઝાવાતી ચૂંટણી પ્રચારમાં એક જ દિવસમાં નરેન્દ્ર મોદીએ અલ્વર, પાલા, બન્દીકૂઈ, સવાઈ મોધોપોર અને દુદુમાં વિસાળ જાહેરસભાઓને સંબોધન કર્યું હતું.



મુખ્યમંત્રીએ રાજસ્થાનમાં બરબાદી અને રાજ્યને તહસ-નહસ કરવાની સત્તાની સાઠમારીની કોંગ્રેસ સરકારની આકરી આલોચના કરતાં જણાવ્યું કે રાજસ્થાનની વર્તમાન કોંગ્રેસ સરકારને રાજ્યની વડી અદાલતે પણ ઠપકો આપ્યો છે અને જે લોકોનું ભલુ ન કરી શકે તો સત્તામાં ન રહેવું જોઈએ તેવો નિર્દેશ કર્યો છે ત્યારે હવે જનતા જનાર્દન એવી વાયદે બાજ સરકારમાં કઈ રીતે ભરોસો મુકે તેવો સવાલ તમણે ઉઠાવ્યો હતો. મોદીએ રાજસ્થાનની પ્રજાને હવે પોકળ વાતોના વડા કરનારી, વચનો આપી નામુક્કર જનારી કે પંચાવન મહિના એશો-આરામમાં ખોવાઈ જઈ પાંચ જ મહિના જનતાને દેખાડા ખાતર મોઢું બતાવતી સરકારમાં નહીં, વિકાસની રાજનીતિથી પ્રદેશનો સમૂળગો વિકાસ કરે અને પ્રજા સાથે જોડાયેલી રહે તેવી પોતીકી ભાજપ સરકાર જોઈએ છે તેવો જનમિજાજ ઉભો થયો છે જે કોંગ્રેસનું નામુ નાંખી દેશે તેમ વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું. ગુજરાત અને રાજસ્થાન પડોશી રાજ્યો છે છતાં ભાજપના સુશાસનમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ અને રાજસ્થાનની કોંગી સરકારમાં પ્રદેશની અવદશા સૌને નજરે દેખાઈ રહી છે તેમ જણાવતાં મુખ્યમંત્રીએ

● અનુસંધાન પાના ૭ પર

## ગાંધીનગરમાં પુનઃ ઠંડી વધી : પારો ૧૩.૫ ડિગ્રી

ગાંધીનગરત તા. ૧૯

ગાંધીનગરમાં વધુ એકવાર પારો ૧૩ ડિગ્રી નજીક પહોંચતા શહેરમાં ઠંડીનું પ્રમાણ વધવા માંડ્યું છે. કાશ્મીર અને ઉત્તર ભારતના કોલ્ડવેવની સીધી અસર શહેરમાં જોવા મળી રહી છે.

જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા એક અઠવાડિયાથી ભારે કોલ્ડવેવ છવાયો છે. લદાખ વિસ્તારમાં આવેલ લેહનું તાપમાન ઘટીને માઈનસ ૧૦.૬ ડીગ્રી થયું હતું અને તે દેશનું સૌથી ઠંડુ શહેર બની ગયું હતું. નજીકમાં આવેલ કારગીલનું તાપમાન પણ માઈનસ ૬.૮ ડિગ્રી રહ્યું હતું. સમગ્ર કાસ્મીર અને ઉત્તર ભારત હાલમાં આકરી ઠંડીમાં સપડાયું છે. અહીંની ઠંડીની સીધી અસર ગુજરાત પર થઈ રહી છે. ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા વધુ હોવાથી ઠંડીનો અનુભવ વધુ થાય છે. પારો ધીમે ધીમે ઘટતા હવે ઘરની બહાર નીકળતા ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે. દિવસ સાવ નાનો થઈ ગયો છે. સાંજે છ વાગતા સુધીમાં તો અંધારાના ઓળા ઉતરી આવે છે. માર્ગો પર અવરજવર પણ સાવ ઓછી થઈ જાય છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહ્યા બાદ આજે પુનઃ તાપમાન ઘડ્યું હતુ અને લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિ.સે. પર પહોંચ્યું હતું. જે અત્યાર સુધીનુ મોસમનું સૌથી નીચુ તાપમાન છે. જ્યારે મહત્તમ તાપમાન ૩૦.૫ નોંધાયું હતું.

શહેર અને જિલ્લામાં વધતી જતી ઠંડીના પરિણામે જનજીવન પર ઘેરી અસર વર્તાય છે. શરદી, સળેખમ, ખાંસી, ઉધરસના કેસો વધતા જાય છે. વહેલી સવારે ચાલવાવાળાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. સાથોસાથ અળદુસી, આદુ - હળદર અને આમળાના જ્યૂસ ઘેર - ઘેર બનવા લાગ્યા છે.

## ભાજપ-સંઘનો ચહેરો બિહામણો, રાક્ષસી છે : શંકરસિંહ વાઘેલા

અમદાવાદ, તા.૧૯

ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ભાજપ અને રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ સામે આક્ષેપોની ઝડી વરસાવી હતી. તેમણે કહ્યું હતું કે ભાજપના ચાલ, ચારિત્ય અને વાજપેયીનો ચહેરો બદલાઈ ગયો છે આજની ભાજપ ચાલ ફક્ત ભ્રષ્ટાચાર આધારિત સત્તા કબજે કરવા માટેની છે. ચારિત્ય શોધવું પડે તેવા અનેક દાખલાઓ મોજુદ છે. ભાજપ અને સંઘના નેતાઓ સામે ફિટકાર વરસાવતા વાઘેલાએ એમ પણ કહ્યું હતું કે ભાજપ અને સંઘના નેતાઓ પોતાના ચહેરાને એક વાર અરીસામાં જુએ તો તેમને પોતાનો ચહેરો ઘાતકી, બિહામણો અને રાક્ષસી દેખાશે. અરીસો કહી ખોટું બોલતું નથી.



વિધાનસભા વિપક્ષના દંડક બલવંતસિંહ રાજપૂત દ્વારા આજે યોજાયેલા પત્રકારો સાથેના સ્નેહમિલન સમારંભમાં શંકસિંહ વાઘેલા ખુબ જ ખિલ્યા હતા તેમણે પોતાના અસલ મિજાજમાં ભાજપ અને સંઘ સામે આક્ષેપોના ધખધખતા અંગારો છોડ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે દેશમાં ૨૦૧૪ની ાગામી લોકસભાની ચૂંટણી કે કોંગ્રેસ ભાજપ અને ત્રીજો મોરચો એવા પરિબળો સાથે જંગ મંડાયો હોય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. યુપીએ-૧ અને યુપીએ-૨ કોંગ્રેસ આધારીત બનેલી સરકારને ત્રીજા મોરચાના ઘણા બધા પરિબળોએ અંદરથી કે બહારથી સમર્થન આપેલ છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે જે લોકો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદીની વાતો કરતા હતા અને ચરિત્ર નિર્માણ અંગે ભાષણો કરતા હતા તે આરએસએસ અને ભાજપના લોકોને જુઠ્ઠું બોલવામાં સહેજ પણ શરમ આવતી નથી. અને સંપૂર્ણપણે જુઠ્ઠાણાંઓના આધાર ઉપર લોકોને ભ્રમિત કરી યેનકેન પ્રકારેણ સત્તા કબજે કરવી અને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં કોઈપણ ભોગે વિજય મેળવવો તેવો એકમાત્ર એજન્ડા સાથે આજે જ્યારે આખી ટોળકી મેદાનમાં ઉતરી છે. ભાજપ અને આરએસએસના નેતાઓ પોતાના ચહેરાને એકવાર અરીસામાં જુએ તો તેમને પોતાનો ચહેરો ઘાતકી, બિહામણો અન રાક્ષસી દેખાશે.

## સેક્ટર-૨૧માં પાથરણાવાળાઓની બોલબાલા

### મુખ્ય બજારની આસપાસ જ્યાં જુઓ ત્યાં પાથરણાવાળાઓએ દબાણ કરી વેપારધંધો શરૂ કરી દીધો છે : દુકાનોના વેપારીઓના ધંધા પર અસર

ગાંધીનગર, તા. ૧૮

છેલ્લા ઘણા સમયથી દબાણતંત્ર અને વહીવટી તંત્રની નિષ્ક્રિયતાના પરિણામે શહેરમાં દબાણોનું પ્રમાણ વધ્યું છે. શહેરના મુખ્ય બજાર સેક્ટર-૨૧ની આસપાસ જ પાથરણાવાળાઓ અને લારી-ખુમચાવાળાઓનું એટલું બધુ દબાણ વધી ગયું છે કે હવે તેની અસર દુકાનોના વેપાર-ધંધા પર પડી રહી છે.

ગાંધીનગરની રચના સુનિયોજીત સ્વરૂપે થઈ છે. પરંતુ શહેરના વિકાસ સાથે વ્યવસ્થાતંત્ર સારી રીતે ગોઠવી શકાયું નથી. શહેરની એક સૌથી મોટી સમસ્યા છે દબાણની. શહેરમાં આજકાલ જ્યાં જુઓ ત્યાં દબાણો જોવા મળી રહ્યા છે. બે વર્ષ પહેલા વન વિભાગ દબાણખાતુ અને પોલીસતંત્રએ સાથે મળીને દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરી હતી. જ્યાં જ્યાં દબાણો મોટા પ્રમાણમાં થઈ ગયા હતા અને ટ્રાફીકને અડચણરૂપ થઈ ગયા હતા ત્યાંથી દબાણો હટાવી ફેન્સીંગ કરી દેવાયું હતું. તે પછી દબાણ હટાવો ઝુંબેશ મંદ પડતા દબાણોએ પુનઃ જ્યાં ત્યાં પગપેસારો કર્યો છે. સેક્ટર-૨૧માં પંચદેવ મંદિર તરફથી પ્રવેશવાના માર્ગે બંને તરફ દબાણો જોવા મળી રહ્યા છે. મોટી દુકાનોમાં હોય તેટલો મોટો સ્ટોક આ પાથરણાવાળાઓ પાસે હોય છે. તેઓએ જગ્યાનુ ભાડુ ભરવાનુ નથી હોતુ, લાઈટબીલ કે અન્ય કોઈ ટેક્સ પણ ભરવો પડતો નથી. કોઈપણ પ્રકારનો ટેક્સ ભર્યા વીના તેઓ સરકારી જમીન પર બેસીને ધંધો કરે છે. હવે તો હદ એ વાતની થાય છે કે પાથરણાવાળાઓના ધંધાની અસર ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરના વેપારીઓ પર થઈ રહી છે. પાથરણાવાળાઓ ઉપરાંત લારી-ગલ્લા અને ખુમચાવાળાઓએ પણ દબાણ ઉભુ કરવામાં કોઈ કચાશ રાખી નથી. જો લાંબા સમય સુધી દબાણતંત્ર હરકતમાં નહી આવે તો અહીં કાયમી દબાણ ઉભુ થતા વાર નહી લાગે.






R WORLD BIG Cinemas




R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Ram Leela (U/A) - 9.00 am, 12.15, 3.30, 6.45 & 10.00 pm
Krrish 3 (U) - 9.15 am, 12.30, 3.45, 7.00 & 10.15 pm *schedule subject to change
telebooking 09601553030
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia

**જોઇએ છે**

**સંગીનીતા ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લી.**
૩૦૧, શાલીન કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

૧. ડ્રાઈવર કમ પ્યૂન : ધોરણ-૮થી વધુ ભણેલ.
૨. પ્યૂન : ધોરણ - ૮ થી વધુ ભણેલ.

**બાયોડેટા સાથે રૂબરૂ મળો**
તા. ૨૨/૧૧/૨૦૧૩, શુક્રવાર, સમય : સવારે ૧૧ થી ૨